**<u>અમદાવાદ(રૂરલ) ના પાંચમા માં વધારાના જ્યુડી. મેજી.ફ.ક. ની કોર્ટમાં,</u>**
**<u>મુ. મીરઝાપુર, અમદાવાદ.</u>**

CCNO 6397-19
આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિ.

આરોપી: શંભુભાઈ મંગલભાઈ પરમાર

**<u>ગુનો:-</u>** ઈ.પી.કોડ કલમ ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ : ૧૭૭,૧૮૪ મુજબ

## <u>ચૂ કા દો</u>

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ઈ.પી.કોડ કલમ ૨૭૯ તથા એમ.વી.એકટ ની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે આરોપીને ગુનો કબુલાત અંગે પુછતા તેઓને ગુનાની કબુલાત કરેલ નથી ત્યારબાદ તેઓએ સ્પેશીયલ સીટીંગમાં ગુનાની કબુલાત કરેલ છે જેથી તેઓની ગુનાની કબુલાત લીધી. આ કામમાં આંક... થી આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ છે. તેઓ ગરીબ ઈસમ તથા બાળ બચ્ચા વાળા વ્યકિત છે. આ તેઓનો પ્રથમ ગુનો છે તથા તેમના કુટુંબમાં ભરણ પોષણની જવાબદારી તેમના ઉપર છે. જેથી તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ખાત્રી કરવામાં આવેલ છે . આમ આરોપીની ઉપરોકત સંજોગો જોતા નીચે મુજબ હુકમ કરુ છુ.

## <u>હુ ક મ</u>

સદર કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ભારતીય

દંડ સંહીતાની કલમ  ૨૭૯ તથા  એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠારાવી આરોપીને રુા. ૩૦૦/– નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩ માહે જુલાઈ સને ૨૦૧૯નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ: ૧૩–૦૮–૨૦૧૯

અમદાવાદ(ગ્રામ્ય)

( ડી.વાય. પટેલ)
પાંચમાં વધારાના જયુડી મેજી.ફ.ક.
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)
UIC No.GJ –૦૧૫૧૫